# જોડ-તોડની રાજનીતિથી જિલ્લાનો રાજકીય માહોલ પાંચેય બેઠકો પર ગરમાયો છે

**પંચાયતમાં ચૂંટાયેલી પાંખ ''અધિકારી રાજ''થી ત્રસ્ત અને દરેક વખતે વહીવટીય પાંખ સામે ગુનેગારની ભૂમિકામાં જ ચૂંટાયેલા સભ્યોને જોવાની સંગઠનની ભૂમિકાથી નારાજ સભ્યોએ હવે પંચાયતમાં આવવાનું જ બંધ કરી દીધુ છે**

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાની વહેલી ચૂંટણીઓની વાતોને લઈ ગાંધીનગર જિલ્લામાં પણ જોડ-તોડની રાજનીતિનો માહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ પાંચ વિધાનસભા મતવિસ્તારો છે અને પાંચેય બેઠક પર જાત-જાતની જોડ-તોડની રાજનીતિથી માહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર(દ) બેઠકમાં આવતા ગાંધીનગર તાલુકામાં કોંગ્રેસ પ્રમુખના ગામ સહિતના આગેવાનો ભાજપના સ્થાનિક નેતાઓના સતત સંપર્કમાં છે. પૂર્વ પટ્ટીના ૩૦ થી વધુ ગામોમાંથી ૩૦૦ થી વધુ આગેવાનોને ભાજપમાં જોડી ભાજપ નેતાગીરી કોંગ્રેસના ગઢને અહિ નેસ્તનાબુદ કરવા સક્રિય થઈ છે.

**કોંગ્રેસમાં ગાબડા પાડવા ભાજપે કમર કસી છે પણ ભાજપની જૂથબંધી જ તેને માટે પડકારરૂપ છે**

જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અરવિંદસિંહ સોલંકીના ગામના જ કોંગી આગેવાનોએ ગઈકાલે પ્રાંતિયા મંડલની ભાજપની યોજાયેલ ટિફિન બેઠકમાં હાજરી આપી સૌને ચોંકાવી દીધા છે. જો કે કોંગ્રેસ હાલ ગૃહ યુદ્ધમાં વધુ અટવાયેલી જોવા મળી રહી છે અને જિલ્લાની રાજકીય સ્થિતિને સમજવા માટે અત્યારે તૈયાર ન હોવાનો મૂડ ધરાવે છે.

દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં પૂર્વ ધારાસભ્યએ વિરોધના ફુંકેલા બ્યુગલને શાંત કરી ડેમેજ કંટ્રોલ કરવામાં સ્થાનિક નેતાગીરી સફળ થઈ હતી પરંતુ ગઈકાલે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની દહેગામ પંથકની મુલાકાત પછી આજે તેમના સત્તાવાર નિવાસસ્થાને દહેગામના કોંગી આગેવાનો સાથે યોજેલી બેઠક પછી રાજકીય માહોલ ત્યાં પુનઃ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

માણસામાં આજે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ એક કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યા છે ત્યારે ત્યાં પણ કેટલાક આગેવાનો કોંગ્રેસને રામ રામ કહી ભાજપમાં જોડાશે તેવી વાતો રાજકીય વર્તુળોમાંથી મળી રહી છે.

કલોલમાં પણ ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો આંતરિક ગૃહ યુદ્ધમાં અટવાયેલા હોવાથી અહિ પણ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર(ઉ)માં ભાજપ પ્રમાણમાં નબળી સ્થિતિમાં જરૂર છે. આ વિધાનસભા મત વિસ્તારમાં ગાંધીનગર શહેર આવે છે પણ શહેરમાં સમાવેશ કરાયા પછી શહેરના ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓને લઈ ભારે અસંતોષ ભાજપ સામે જોવા મળી રહ્યો છે.

ગ્રામીણ વિસ્તારોમાં પાણીના પ્રશ્નો અને વીજળીના પ્રશ્નો પણ વધ્યા છે.

જિલ્લામાં પાણી-વીજળીના મુદ્દે કિસાન સંઘ સક્રિય થયુ છે. નમો ખેડૂત સભાઓનું આયોજન કરવામાં આવ્યા બાદ હવે મુખ્યમંત્રી કાર્યાલયમાં સમય ફાળવાવની માંગ કિસાન સંઘે કરી છે ત્યારે આ પછી સ્થિતિ કેવો વળાંક લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ગાંધીનગર શહેરમાં ભાજપની આંતરિક લડાઈઓ પણ આગળ આવી રહી છે. જો કે જોડ-તોડની રાજનીતિ અને મિત્રમંડળની રાજનીતિ કયા પક્ષને ચૂંટણીમાં કેટલો ફાયદો કરાવશે તે તો સમય જ કહી શકશે.

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાંથી ત્રણ બેઠકો હાલ કોંગ્રેસ પક્ષ પાસે છે તેમાં ગાંધીનગર(ઉ) માણસા અને કલોલ બેઠકનો સમાવેશ થાય છે.

દહેગામ અને ગાંધીનગર (દ) બેઠક ભાજપ પાસે છે. સંગઠનની સંરચના વખતે દહેગામને થયેલા અન્યાયને કાર્યકરો હજુ ભૂલ્યા નથી તેમજ દહેગામ ભાજપમાં પણ આંતરિક જૂથબંધી જિલ્લાની નેતાગીરીને સતાવી રહી છે.

જિલ્લા પંચાયતમાં પણ ભાજપ પાસે સત્તા જરૂર છે પણ અહિ અધિકારી રાજ વધુ હોવાની છાપ સાથે પક્ષના સભ્યોમાં જે જૂથબંધી જામી છે તેને લઈ પક્ષની નેતાગીરી વહીવટીય પાંખનો પક્ષ લેવો કે ચૂંટાયેલી પાંખનો પક્ષ લેવો તેની

● અનુસંધાન પાન-૭ પર

# મનપા કચેરી ખાતે ત્રણ સફાઈ કામદારોએ ઝેરી દવા ગટગટાવી




**ત્રણેય કામદારો સિવિલના આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ : મેયર-શહેર પ્રમુખ દ્વારા પડતર માંગણીઓ મુદ્દે હૈયાધારણ આપતા આંદોલન સમેટાયું હતું**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાના સફાઈ કામદારોએ પોતાની પડતર માંગણીઓ મુદ્દે બાંયો ચડાવી છે. મનપાના સફાઈ કામદારો છેલ્લા ૧૨૦ દિવસથી વધુ સમયથી હડલાત પર છે. ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા અને શહેર ભાજપ પ્રમુખ દ્વારા કામદારોને પડતર માંગણીઓ મુદ્દે યોગ્ય નિર્ણયની હૈયાધારણા આપતા હડતાલ સમેટાઈ ગઈ હતી. પરંતુ મહાનગર પાલિકાના સફાઈ કામદારોની એક પણ પડતર માંગણીઓનો ઉકેલ નહી આવતા આજે બપોરના સમયે મનપા કચેરી ખાતે ત્રણ કર્મચારીઓએ ઝેરી દવા ગટગટાવતા ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્રણેય કામદારોને તાત્કાલકી વિભાગમાં સારવાર આપી વધુ સારવાર માટે આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યારે સિવિલ ખાતે પણ મોટીસંખ્યામાં કામદારો ઉમટી પડતા પોલીસ પહેરો ગોઠવી દેવાયો હતો. જો કે ત્રણ કામદારોએ દવા પી લેતા તંત્ર દોડતુ થઈ ગયું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર મનપામાં ખાનગી એજન્સી હેઠળ ફરજ બજાવતા સફાઈ કામદારોને પગાર વધારાની માંગ સાથે નોકરી પર પરત રાખવાની બાંહેધરી બાદ પણ નોકરી નહી મળતા આજે સામુહિક ઝેર પીવાની ચીમકી આપી હતી. જેને પગલે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને કામદારોને

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આજે માણસા જશે

**માણસામાં જનસેવા રથના ભ્રમણ દરમ્યાન શોધાયેલા કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરાશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ભાજપના અમીત ચૌધરીની ટીમ દ્વારા ત્રણ મહિનામાં સરકારની વિવિધ યોજનાના ૨૩ હજારથી વધુ લાભાર્થીઓને શોધી તેમને તે અંગેના કાર્ડ વિતરણનો એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, રજનીભાઈ પટેલ સહિતનું શીર્ષસ્થ નેતૃત્વ હાજર રહી લાભાર્થીઓને આ કાર્ડનું વિતરણ કરશે.

કડવા પાટીદાર સમાજની વાડી ખાતે યોજાયેલ આ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં અમીત ચૌધરીની ટીમ અને આગેવાનો કામે લાગ્યા છે.

ખુબજ ઓછુ બોલવા ટેવાયેલા અમીત ચૌધરીના જન્મ દિવસ ૧૬મી જાન્યુઆરીથી આ જનસેવા રથનો યુવાટીમે આરંભ કર્યો હતો. ૫૫ થી વધુ ગામોમાં પુરા પ્રચાર-પ્રસાર અભિયાન સાથે લાભાર્થીઓને શોધી અને તેમને લાભ મળે તેનુ સુંદર સંકલન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૨ની દિલ્હીથી આવેલી યુવતીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

**દિલ્હીથી આવેલ ચોથી વ્યક્તી કોરોના પોઝીટીવ જણાતાં તંત્ર ચિંતામાં ગરકાવ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત ત્રીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨ ની ૨૧ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં ખાસ કરીને દિલ્હીથી પરત ફરી રહેલા લોકો કોરોનામાં સપડાયેલા વધુ મળ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં જ દિલ્હીથી પરત ફરેલા ૪ વ્યક્તીઓના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

સે. ૨ ની આ યુવતી પણ ૨૬મીએ દિલ્હીથી પરત આવી છે અને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં છે પણ બહારથી આવી રહેલી વ્યક્તિઓમાં કોરોનાના કેસો મળી રહ્યા હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. બહારથી આવતા લોકો માટે મનપામાં રજીસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી શરૂ કરવા માટેની તંત્રએ વિચારણા હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં નોંધાયેલા તમામ દર્દીઓ ટ્રાવેલીંગ હિસ્ટ્રી ધરાવતા મળ્યા છે. તંત્ર પણ આ વાતને લઈ ચોંકી ઉઠ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સાંજના સમયે સે-૧૬માં વારંવાર વકરતી 'ટ્રાફિક જામ'ની સમસ્યા

**દરરોજ સાંજે ખાસ કરીને સિનેમા હોલામાં શો છુટવાના સમયે અને શનિ-રવિના વીક એન્ડમાં સર્જાતી સમસ્યાથી સામાન્ય વાહનચાલકો ત્રસ્ત : પાર્કિંગ એરિયામાં જ ખાણીપીણીની મસમોટી મોડીફાઇડ વાન અને લારીઓના બેરોકટોક અડીંગા**

ગાંધીનગર, તા.૦૨



ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતેના કોમર્શિયલ વિસ્તારમાં દિવસ દરમ્યાન ઉપરાંત સાંજના સમયે વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાઇ રહી છે. ખાસ કરીને સાંજે અને રાત્રે સિનેમા હોલમાં શો છુટવાના સમયે આ વિસ્તારમાં અત્યંત મુશ્કેલીભરી સ્થિતિ સર્જાઇ રહી છે જે સમયે આ વિસ્તારની ફુટપાથ તેમજ પાર્કિંગ લોટમાં ટ્રાફિક નિયમનકારોની ગેરહાજરી અને વહીવટી તંત્રની મીઠી નજરની મિલીભગતના ઓથે ખાણીપીણીની લારીઓ અને મસમોટી મોડીફાઇડ વાન અડિંગા જમાવીને બેઠી હોય છે એટલું જ નહીં પરંતુ ગ્રાહકો માટેના સ્ટુલ્સ પણ રોડ સાઇડના પાર્કિંગમાં મુકીને વેપાર કરવામાં આવે છે જેના કારણે સમાન્ય વાહનચાલકોને ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

કોરોના મહામારીના કપરા કાળ બાદ ફરી જનજીવન સામાન્ય બન્યું છે પરંતુ માનવીએ હજુ કોઇ બોધપાઠ મેળવ્યો હોય એવું જણાતું નથી. જેવી સ્થિતિ સામાન્ય થતી જણાઇ કે ફરી એની એજ મિલભગતની નીતિઓ અપનાવવાનું શરૂ થઇ ગયું છે અને

● અનુસંધાન પાન-૭ પર

### પાર્કિંગ કરવા માટે જગ્યા નથી રહેતી

સેક્ટર-૧૬માં પાર્કિંગ એરિયામાં ગેરકાયદેસર રીતે અડીંગો જમાવીને બેઠેલી ખાણીપીણીની મસમોટી વાન, ગાડીઓ અને લારીઓ અને તેની આસપાસ જ વેપારીઓ દ્વારા ગ્રાહકોને નાસ્તો કરવા માટે બેસવા સ્ટુલ્સ અને ટેબલો ખડકી દેવામાં આવે છે જેના કારણે વાહન પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યામાં જ સામાન્ય વાહનચાલકોને પોતાનું વાહન પાર્કિંગ કરવા માટે જગ્યા નથી રહેતી.

## ગાંધીનગરની ટી.પી. સ્કીમ ૬૧ (ખોરજ-ખોડીયાર)ને મંજુરી

**અમદાવાદ, ગાંધીનગર, વડોદરા-જામનગર મહાનગરોની કુલ ૭ ટાઉન પ્લાનિંગ સ્કીમને મુખ્યમંત્રીશ્રીની મંજૂરી : કુલ ૨૭૫૦૦ જેટલા ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ-રહેઠાણ માટે જમીન મળશે : બાગબગીચા-રમતગમત મેદાન વગેરે માટે કુલ ૩૩.૬૬ હેક્ટર્સ, જાહેર સુવિધા માટે ૫૫.૫૮ હેક્ટર્સ, વેચાણ માટે ૧૧૫.૯૭ હેક્ટર્સ જમીન મળશે**

ગાંધીનગર

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આયોજનબદ્ધ શહેરી વિકાસની દિશામાં વધુ એક સ્તુત્ય નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ વિકાસને વધુ વેગવંતો બનાવવાના હેતુથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને જામનગરની કુલ ૭ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે.

આ સ્કીમને મંજૂરી મળતાં સંબંધિત વિસ્તારોમાં આંતરમાળખાકીય સવલતો અને રસ્તાઓના કામનું ઝડપી અમલીકરણ થતાં નાગરિકોને વધુ સુવિધા મળતી થશે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જે પ્રીલીમનરી ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરી છે, તેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટી.પી. સ્કીમ નં ૩૮/૧ દાણીલીમડા તથા ગાંધીનગર મહાનગર પાલિકાની ટી.પી. સ્કીમ નં. ૬૧ ખોરજ ખોડિયારનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરા અને જામનગરમાં મળીને પાંચ ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે. તદઅનુસાર, આ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૨૦(જામનગર) તથા ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૧(જામનગર), વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૧૦(ગોત્રી-ગોરવા), વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૧(સમીયાલા-બીલ) તથા ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪/એ(અંકોડીયા-ખાનપુર-સેવાસી-મહાપુરા)નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ટાઉન પ્લાનિંગ સ્કીમને આપેલી મંજૂરીના પરિણામે અમદાવાદ, ગાંધીનગર, જામનગર અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને વુડાની કુલ ૭ ટી.પી. સ્કીમ મળીને સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના આવાસ-રહેઠાણ માટે કુલ ૩૨.૫૫ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. અને આ બધી સ્કીમમાં મળીને અંદાજે કુલ ૨૭૫૦૦ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસો બની શકશે.

એટલું જ નહીં, બાગબગીચા તથા રમતગમતના મેદાન, ખુલ્લી જગ્યા માટે સમગ્રતયા ૩૩.૬૬ હેક્ટર્સ જમીન અને જાહેર સુવિધા માટે ૫૫.૫૮ હેક્ટર્સ જમીન ઉપલબ્ધ થશે. આ ઉપરાંત આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવાના હેતુસર વેચાણ માટે કુલ આશરે ૧૧૫.૯૭ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રાજ્યમાં કોરોનાના નવા ૧૬ કેસ : ૨૭ દર્દી રિકવર થયા

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૬ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૨૭ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૨૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૬૧,૩૭૯ ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ જો કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૧૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૦૯ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૨૦ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જો કે અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦,૯૪૩ નાગરિકોનાં મોત પણ થઇ ચુક્યાં છે. પરંતુ રાહતના સમાચાર કહી શકાય કે, આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું નથી. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૧૬ કેસ નોંધાયા તે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૫, રાજકોટ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશન ૩, વલસાડ ૨, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧, પંચમહાલ ૧ એમ કુલ ૧૬ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com